RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 137 * Date: 08.03.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# બ્રિટનમાં જયશંકરની સુરક્ષામાં ચુક થતા ભારત ભડક્યું, કહ્યું- 'અલગતાવાદીઓને બ્રિટનમાં તબાહી મચાવવાનું લાઈસન્સ'



બ્રિટનમાં ભારતના વિદેશ મંત્રી એસ.જયશંકરની સુરક્ષામાં ચુક થતા ભારત ભડકે બડ્યું છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ ઘટાનાની કડક શબ્દોમાં ટીકા કરી છે. લંડનમાં ખાલિસ્તાની સમર્થકોએ જયશંકરની ગાડી સામે આવી વિરોધ પ્રદર્શન કર્યું, ત્યારબાદ તેમની સુરક્ષા મુદ્દે સવાલો ઉઠવા લાગ્યા છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'એવું લાગે છે કે, યુકેમાં રહેતા અલગતાવાદી તત્વોને તોફાન મચાવવાનું લાઈસન્સ અપાયું છે.'

રણધીર જયસ્વાલે (ઇટ્ઠહઙ્ઘરૈિ ત્નટ્ઠૈજુટ્ઠઙ્મ) અગાઉ પણ આવી બનેલી ઘટનાને યાદ કરીને કહ્યું કે, 'તેઓ (ખાલિસ્તાની) અમારી કાયદેસરની રાજદ્વારી પ્રવૃત્તિઓમાં અચડણો ઉભી કરવાના ઉદ્દેશ્યથી ધમકીઓ, ડરાવનારી ઘટનાઓ અને અન્ય કાર્યવાહીઓ કરતા રહે છે, જેને અટકાવવામાં બ્રિટન ઉદાસીનતા દાખવે છે. એવું લાગે છે કે, બ્રિટનમાં આ શક્તિઓને ધમકીઓ અને અન્ય કામ કરવા માટેનું લાઈસન્સ મળ્યું છે. આ લોકો અમારી રાજદ્વારી પ્રવૃત્તિઓમાં અચડણો ઉભી કરવાનો પ્રયાસ કરે છે. યુકે આ ઘટનાઓના દોષિતો વિરુદ્ધ કાર્યવાહી કરે. આ મુદ્દે બ્રિટનના વિદેશ કાર્યાલય દ્વારા સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું છે, જે અમે ધ્યાને લીધું છે.'વાસ્તવમાં લંડનમાં ખાલિસ્તાનના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરી રહેલા દેખાવકારોના ગ્રૂપમાંથી એક વ્યક્તિએ સુરક્ષા બંદોબસ્ત તોડ્યો હતો અને પછી તેણે જયશંકરની કારને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ મુદ્દે ભારત નારાજ થતા યુકેના વિદેશ મંત્રાલયે સત્તાવાર નિવેદન જાહેર કર્યું હતું. યુકેના વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'વિદેશમંત્રી એસ.જયશંકરની યુકે યાત્રા દરમિયાન ચૈથમ હાઉસ બહાર જે ઘટના બની, તેની અમે કડક શબ્દોની ટીકા કરીએ છીએ. યુકે શાંતિપૂર્ણ વિરોધના અધિકારનું સમર્થન કરે છે, પરંતુ જાહેર કાર્યક્રમો હેઠળ ડરાવવાના, ધમકી આપવાના અથવા અચડણો ઉભી કરવાના કોઈપણ પ્રયાસનો સંપૂર્ણ અસ્વિકાર કરે છે.'

વાસ્તવમાં વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકર હાલ બ્રિટનના પ્રવાસે છે, ત્યારે લંડનમાં ગુરુવારે ખાલિસ્તાની સમર્થકોએ તેમના પર હુમલો કરવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ ચેથમ હાઉસ થિંક ટેંકમાં યોજાયેલા કાર્યક્રમ પછી તેમની કારથી પાછા જઈ રહ્યા હતા ત્યારે ત્યાં દેખાવો કરી રહેલા સમર્થકોમાંથી એકે તેમની કાર સામે આવી હુમલાનો પ્રયત્ન કર્યો હતો. ભારતના વિદેશ મંત્રાલયે આ ઘટનાની આકરી ટીકા કરી છે અને બ્રિટિશ સરકાર તેની કૂટનીતિક જવાબદારીઓ નીભાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

## જામનગરમાં ધરારનગર નજીક પાણીની મુખ્ય કેનાલ સહિત પાલિકાની જગ્યામાં ૫૦થી વધુ ગેરકાયદે દબાણોને નોટિસ



જામનગર મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં દબાણ દૂર કરાવવા માટે સક્રિય બની છે. જેના ભાગરૂપે આજે સવારે એમપી શાહ ઉદ્યોગ નગરની પાછળના ધરાર નગર સાતનાલા વિસ્તારના ૫૦થી વધુ દબાણ કર્તાઓને નોટિસ આપી ૧૫ દિવસમાં જગ્યા ખાલી કરી દેવાનું અલ્ટીમેટમ આપ્યું છે.

ધરાર નગર સાતનાલા પાસેથી પાણીની મુખ્ય કેનાલ પસાર થાય છે, જે કેનાલ ઉપર કેટલાક મકાનો અથવા તો ધંધાના સ્થળો ખડકી દેવાયા છે. ઉપરાંત એક સમાજની વાડીનું બાંધકામ પણ કરી લેવામાં આવ્યું છે. જે તમામને આજે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના અધિકારી નીતિન દીક્ષિત તેમજ દબાણ હટાવ અધિકારી સુનિલ ભાનુશાલીની ટિમ દ્વારા નોટિસ પાઠવવામાં આવી છે, અને તાત્કાલિક અસરથી મહાનગરપાલિકાની જગ્યા ખુલી કરાવી દેવા માટે ૧૫ દિવસનું અલ્ટીમેટમ અપાયું છે. જેને લઈને દબાણ કરનારાઓમાં ભારે દોડધામ થઈ છે.

## જોડીયાના મેઘપર ગામની કરોડોની કિંમતની ખેતીની જમીન સંબંધે કાકા સામે ભત્રીજીએ ભાગ મળવા અંગેનો દાવો રદ કરતી દિવાની અદાલત

જામનગર જીલ્લાના જોડીયા તાલુકાના મેઘપર ગામના રે.સ.નં. ૨૭, ૨૪૨ તથા ૨૭૪ વાળી ખેતીની જમીનો સંબંધે ગુણવતીબેન રામજીભાઈ ટાંક કે જેઓ ગુજ. દેવરાજભાઈ માધાભાઈ ટાંકની પૌત્રી છે અને ગુજ. રામજીભાઈ દેવરાજભાઈ ટાંકની પુત્રી છે અને ગુજ. દેવરાજભાઈ માધાભાઈ ટાંકએ પોતાની હૈયાતીમાં તા.૫-૮-૧૯૯૦ ના મીલકતની કૌટુંબિક વહેંચણી કરવામાં આવેલ અને ત્યારે વાદી ગુણવતીબેને સગીર હોવાથી તેના કાકાના નામે વડીલ દરજજે અને કુટુંબના વડા તરીકે તેઓની જમીન શાંતીલાલ દેવરાજ ટાંકના નામે આવેલ હતી.

જે અંગે ફેમીલી એગ્રીમેન્ટ થયેલ અને દાવાવાળી ઉપરોકત જમીનોમાં ગુણવતીબેન રામજીભાઈ ટાંકનો અડધો હિસ્સો આવેલ છે, તે મતલબનો વાદી ગુણવતીબેન રામજીભાઈ ટાંક દ્વારા તેઓના કાકા શાંતીલાલ દેવરાજભાઈ ટાંક વિગેરેનાઓ સામે ઉપરોકત ખેતીની જમીનોમાં ભાગ મળવા તથા મીલકતનો કબજો મળવા તથા હિસાબ મળવા અંગે જોડીયાની દિવાની અદાલતમાં દાવો રે.દિ.મુ.નં.૬૩/૨૦૧૩થી દાખલ કરેલ હતો.સદરહું દાવામાં નોટીસ બજતાં શાંતીલાલ



દેવરાજભાઈ ટાંક વિગેરેએ વકીલશ્રી નાથાલાલ પી. ઘાડીયા મારફત દાવાનો વિગતવાર જવાબ રજુ કરેલ અને જેમાં મુખ્યત્વે એવી તકરાર લીધેલ છે કે, દાવાવાળી ખેતીની જમીન ગુજ. દેવરાજભાઈ માધાભાઈ ટાંકની સ્વતંત્ર મીલકત છે તેમજ ગુજ. દેવરાજભાઈ માધાભાઈ ટાંકે પોતાની હૈયાતીમાં પોતાના પુત્રોને ખેતીની જમીનની વહેંચણી કરી આપેલ તેમજ અગાઉ વાદી ગુણવતીબેન દ્વારા રેવન્યુ પ્રોસીડીંગ કરેલા તેની હકીકત હાલના દાવામાં છુપાવેલ છે. વાદી ગુણવતીબેન ચોખ્ખા હાથે નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી, તેમજ સમય મર્યાદા બાદ દાવો દાખલ કરેલ છે. તેમજ ગુજ. દેવરાજભાઈ માધાભાઈ ટાંકની તમામ મીલકતોમાં ભાગ માંગેલ નથી. વાદી ગુણવતીબેનની પ્રતિવાદી શાંતિલાલ દેવરાજભાઈ ટાંકના વકીલશ્રી દ્વારા વિગતવાર કરેલ ઉલટતપાસ તથા દલીલ ધ્યાને લઈ જોડીયાના પ્રિન્સીપાલ સીવીલ જજ પી.એસ.શાહની અદાલતમાં ચાલી જતાં વાદી ગુણવતીબેન રામજીભાઈ ટાંકનો દાવો રદ કરેલ.

## 'મહાભારત એક દંતકથા, યુદ્ધ જેવું કંઇ થયું હોય તેવું મને નથી લાગતું...' 'અ'જ્ઞાનપ્રકાશ સ્વામીનો વધુ એક બફાટ



વીરપુરના જલારામ બાપા વિષે મનઘડત વાતો ઊભી કરીને જ્ઞાનપ્રકાશ સ્વામીએ કરેલા ઉચ્ચારણો સામે સમસ્ત હિન્દુ સમાજમાં ભારે રોષની લાગણી છે અને સ્વામીએ આ ઉચ્ચારણો બદલ માફી માંગી છે. આ દરમિયાન જ્ઞાનપ્રકાશ સ્વામીનો વધુ એક વિવાદિત વીડિયો સોશિયલ માડિયા પર વાઈવર થઈ રહ્યો છે. જેમાં તે મહાભારતને અંગે કહી રહ્યા છે કે, 'મહાભારતનું યુદ્ધ થયું નથી. મહાભારતને તેઓ એક કાલ્પનિક કથા કે દંતકથા છે.'વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલા જ્ઞાનપ્રકાશ સ્વામીના વધુ એક વિવાદિત વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં જેમાં તે મહાભારતને લઈને ટિપ્પણી કરતા કહે કે, 'મહાભારત જેવું કોઈ યુદ્ધ થયું હોય એવું મારા માનવામાં આવતું નથ, હું નથી માનતો કે મહાભારત જેવું યુદ્ધ થયું હોય! હા એ કથા દંતકથા કે પ્રસંગ કથા હોઈ શકે, કે કોઈ લેખકે લખેલી હોય.' આ વાઈરલ વીડિયોને લઈને સનાતનીઓમાં ભારે રોષ ફેલાયો છે. વ્યાસપીઠ પરથી સ્વામી આવી અજ્ઞાનની વાતો કરી રહ્યાં છે, જેના કારણે અસંખ્યા હિન્દુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે, અગાઉ જ્ઞાનપ્રકાશ સ્વામી સુરતના અમરોલીમાં સત્સંગમાં હાજરી આપવા પહોંચ્યા હતા. જ્યાં તેમણે કહ્યું કે, 'જલારામ બાપાનો ઈતિહાસ ગુણાતિત સ્વામી સાથે જોડાયેલો છે. ગુણાતિત સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યા હતા. જલારામ બાપાએ સદાવ્રત માટે ગુણાતિત સ્વામી પાસે આશિર્વાદ માંગ્યા હતા કે, સ્વામી મારું એક માત્ર લક્ષ્ય છે કે, અહીં કાયમ માટે સદાવ્રત ચાલે અને જે કોઈ અહીં આવે તેમને પ્રસાદ મળે. જલા ભગતે ગુણાતિત સ્વામીને બાટી અને દાળ જમાડ્યા. બાદમાં સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યા કે, તમારો ભંડાર કાયમ ભર્યો રહેશે.'જ્ઞાનપ્રકાશ સ્વામીના આ નિવેદનને લઈને જલારામ બાપાના ભક્તોમાં રોષ ભભુક્યો છે. આ વીડિયો વાઈરલ થતાં રઘુવંશી સમાજે જ્ઞાનપ્રકાશ સ્વામી સામે રોષ વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો હતો. જો કે, વિવાદ વકરતાં જ્ઞાન પ્રકાશ સ્વામીએ અન્ય એક વીડિયો શેર કરી માફી માંગી છે.

## વડોદરા નજીક બિલ ગામના ૭૦ મકાનોના દબાણ દસ દિવસમાં દૂર કરવા નોટિસ આપતા વિરોધ

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને વુડા દ્વારા સંયુક્ત પણે ૭૫ મીટરનો આશરે ૩૨ કિ.મી લાંબો રીંગરોડ બનાવવાની કામગીરી હાલ ચાલુ છે, ત્યારે રીંગરોડની કામગીરી સંદર્ભે વડોદરા નજીક બિલ મઢીમાં ૭૦ મકાનોની જગ્યા લેવા નોટિસ આપવામાં આવતા ગ્રામજનો દ્વારા કોર્પોરેશનમાં આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે. બીલ ગામના પૂર્વ સરપંચના કહેવા મુજબ ટીપી ૨૭-બીમાંથી આ રોડ પસાર કરવાનો છે. હકીકતમાં આ જગ્યા ગામતળ માટે નીમ કરેલી છે. ૧૯૮૧માં કલેકટરના હુકમથી મકાન સનદ આપી ફાળવેલા છે. આ મકાનો ગેરકાયદે નથી, માલિકીના છે. બે મહિના પૂર્વે જ્યારે સર્વે કરવા આવેલા ત્યારે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી. અમારી માગણી ૨૦૧૩ ના જમીન સંપાદન કાયદા હેઠળ જમીન સંપાદન કરી પુનઃ વસન સહિતના જરૂરી તમામ લાભ આપવાની છે. રોડ સામે કોઈ વાંધો નથી. કોર્પોરેશન એવું કહે છે કે આ વાંધા સુનાવણીની નોટિસ છે, પરંતુ વાંધા સુનાવણીની નોટિસમાં દસ દિવસમાં દબાણ દૂર કરવાની વાત ન હોઈ શકે. અમારી પાસે જે કંઈ માલિકીના પુરાવા છે તે રજૂ કરીને વાંધા સૂચનો આપીશું. જરૂર પડશે તો હાઈકોર્ટના દ્વાર પણ ખખડાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

## જામનગરમાં પિતાના ઘરે આવેલી પરણિત પુત્રીએ માનસિક બીમારીથી કંટાળી ફિનાઈલ પી લઈ આપઘાત

જામનગરના રીક્ષા ચાલકની પરણિત પુત્રી કે જે પિતાના ઘેર રોકાવા આવી હતી અને પોતાની માનસિક બીમારીથી કંટાળી જઈ ઘરમાં પડેલું ફિનાઈલ પી લઈ આત્મહત્યા કરી લીધી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડમાં ગોકુલધામ સોસાયટીમાં રહેતા કિશોરભાઈ દેવશીભાઈ ગોહિલ નામના રીક્ષા ચાલકની પરિણીત પુત્રી જાગૃતિબેન કુલદીપ ભાઈ ધવલ(૨૧) કે જે હાલ લાલપુરમાં શિવનગર વિસ્તારમાં રહે છે, અને પોતાના પિતાને ઘેર આટો દેવા માટે આવી હતી.

જે દરમિયાન તેણે પોતાની માનસિક બીમારી અને માથાના દુખાવાથી કંટાળી ગઈ હતી. જેથી તેણીએ ઘરમાં પડેલું ફિનાઈલ પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આથી તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

## તંત્રી લેખ...

# ઈક્વિટીની વૈશ્વિક માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો ૩ ટકાની નીચે

મુંબઈ : ભારતીય શેરબજારોમાં તાજેતરના ધોવાણને પરિણામે ઈક્વિટીસની વૈશ્વિક માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો અંદાજે બે વર્ષમાં પહેલી જ વખત ૩ ટકાની અંદર ઊતરી સરકી ગયો છે. વર્તમાન સપ્તાહના પ્રારંભમાં દેશની માર્કેટ કેપ ૩.૭૫ ટ્રિલિયન ડોલર રહી હતી જે ૧૨૬ ટ્રિલિયન ડોલરની વૈશ્વિક માર્કેટ કેપના ૨.૯૯ ટકા જેટલી થવા જાય છે.૨૦૨૩ના ૧૯ એપ્રિલ બાદ ભારતનો આ હિસ્સો સૌથી નીચો જોવા મળ્યો હતો. જો કે શેરબજારમાં છેલ્લા બે દિવસના સુધારાએ ભારતના હિસ્સામાં વધારો કરાવ્યો હોવાનું એક રિસર્ચ રિપોર્ટમાં જણાવાયું હતુંવૈશ્વિક માર્કેટ કેપમાં ભારતનો હિસ્સો ૨૦૧૮થી સરેરાશ ૨.૯૯ ટકા રહ્યો છે. ગયા વર્ષના સપ્ટેમ્બરથી એમએસસીઆઈ ઈન્ડિયા ઈન્ડેક્સ ૧૮ ટકા જેટલો ઘટી ગયો છે જ્યારે એમએસસીઆઈ વર્લ્ડ ઈન્ડેક્સ મોટેભાગે યથાવત છે. ભારતીય ઈક્વિટીસમાં વિદેશી રોકાણકારોની સતત વેચવાલી જ્યારે ઘરેલું સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)ની સતત ખરીદીને પગલે બન્ને વચ્ચે દેશના ઈક્વિટી હોલ્ડિંગના તફાવત ઘટી ગયો છે. ડિસેમ્બર ત્રિમાસિકના અંતે એફઆઈઆઈ તથા ડીઆઈઆઈ વચ્ચે ઈક્વિટીસ હોલ્ડિંગનું અંતર અત્યારસુધીની નીચી સપાટીએ જોવા મળ્યું હતું.એનએસઈમાં લિસ્ટેડ શેરોમાં વિદેશી રોકાણકારોનું હોલ્ડિંગ ડિસેમ્બર ત્રિમાસિકમાં ઘટી ૧૭.૨૩ ટકા સાથે ૧૨ વર્ષની નીચી સપાટીએ રહ્યું હતું જ્યારે ડીઆઈઆઈ પાસે હોલ્ડિંગ વધી ૧૬.૯૦ ટકા પહોંચી ગયું હતું. આમ બન્નેના હોલ્ડિંગ વચ્ચે માત્ર ૦.૩૩ ટકા તફાવત રહ્યો હતો.

# વડોદરાના સાકરદા પાસે આવેલી કંપનીમાંથી રૂ.૫.૪૦ લાખની ડુપ્લીકેટ સિગારેટ સહિતનો મુદામાલ ઝડપાયો



વડોદરાના સાકરદા ગામ પાસે આવેલી કંપનીમાં ઈન્ડિયન ટોબેકો કંપનીના લોગોવાળી ડુપ્લીકેટ સિગારેટનું ઉત્પાદન કરવામાં આવતું હતું. જેથી લેબર કમિશનર અને એસઓજી પોલીસને સાથે કંપનીના માણસે નકલી સિગારેટ બનાવતી કંપનીમાં રેડ કરી હતી. ત્યારે સ્થળ પરથી નકલી સિગારેટ રૂ.૫.૪૦ લાખ સહિત રૂ.૫.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે જપ્ત કરી લેવાયો હતો અને કંપનીના ત્રણ ડાયરેક્ટર વિરુદ્ધ કોપીરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. કલકત્તામાં ઈન્ડીયન ટોબેકો કંપની લીમીટેડ કંપની જેની ઓફિસ વર્જીનીયા હાઉસ, જવાહરલાલ નહેરુ રોડ, કોલકતા ખાતે આવેલી છે. ગત ઓક્ટોબર ૨૦૨૪ માં કંપનીને માહિતી મળી હતી કે નવી દિલ્હીમાં કાલુરામ ગંગારામ બંટી સિગારેટ દુકાનમાં તેમની કંપનીની સિગારેટ જેવા નામ અને લોગો સાથેની ડુપ્લીકેટ સિગારેટનું વેચાણ થાય છે અને આ ડુપ્લીકેટ સિગારેટનું ઉત્પાદન વડોદરાના સાકરદા ગામ પાસે આવેલી એટલાન્ટીસ ટોબેકો પ્રા.લિ. કંપની ખાતે થાય છે. જેથી કંપનીએ એટલાન્ટીસ ટોબેકો કંપની વિરુદ્ધમાં નામદાર હાઈકોર્ટ ઓફ દિલ્હીમાં સિવિલ કેસ દાખલ કરતા કોર્ટે લોકલ કમિશ્નર તરીકે જશબીર બીધૂડીની નિમણૂંક કરી હતી. ઈન્ડિયન ટોબેકો કંપનીના માણસે લોકલ કમિશનર અને એસઓજી પોલીસની સાથે રાખીને સાંકરદા ખાતે આવેલી એટલાન્ટીસ ટોબેકો કંપનીમા રેડ કરી હતી. ત્યારે સિગારેટ બનાવવાની કામગીરી ચાલુ અને આશરે ૨૦ જેટલા માણસો કામ કરતા હતા. કંપનીની ઓફિસમા કંપનીના ડાયરેક્ટર હરીશ પંચાલ તથા વેદાંત પંચાલ હાજર હોય તેમને સાથે રાખી તપાસ કરી હતી ત્યારે

ગોડાઉનમાંથી રૂ.૫.૪૦ લાખની ડુપ્લીકેટ સિગારેટ ઉપરાંત તેમની કંપનીના ટ્રેડમાર્કને મળતા ડીઝાઈનવાળા ગોલ્ડ ટિપ અને ગોલ્ડ સ્ટીકના લાગો છાપેલા ખોખા રૂ.૧૦ હજાર, ગોલ્ડ ટીપ લખેલ કાર્ટુન મળી રૂ.૫.૫૨ લાખનો મુદામાલ જપ્ત કરાયો હતો. ઉપરાંત કંપનીના ડાયરેક્ટર હરીશ સના પંચાલ, વેદાંત રાકેશ પંચાલ અને હસમુખ મફતલાલ પંચાલ વિરુદ્ધ નંદેસરી પોલીસ સ્ટેશનમાં કોપી રાઈટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# ભારતીય સ્માર્ટફોન માર્કેટમાં પણ મંદી જાન્યુઆરીમાં નિકાસ ૯.૭ ટકા ઘટી

અમદાવાદ : ભારતીય સ્માર્ટફોન બજાર હવે એકાએક મંદીનો સામનો કરી રહ્યું છે. આ વર્ષે જાન્યુઆરી દરમિયાન નિકાસમાં વાર્ષિક ધોરણે ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. આઈડીસી અનુસાર ૨૦૨૫ના પહેલા મહિનામાં માત્ર ૧.૧૧ કરોડ સ્માર્ટફોનની નિકાસ કરવામાં આવી હતી. મિડ-રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં નવા ફોન લોન્ચ થયા હોવા છતાં ગ્રાહક માંગ નબળી રહી છે અને તેના કારણે જ નિકાસમાં ઘટાડો થયો છે.

આઈડીસીના રિપોર્ટ અનુસાર 'આ વર્ષની શરૂઆતમાં મિડ-રેન્જ અને પ્રીમિયમ સેગમેન્ટમાં ઘણા નવા ફોન લોન્ચ થયા હોવા છતાં નિકાસમાં ૯.૭ ટકાનો ઘટાડો થયો છે. નબળી ગ્રાહક માંગ વચ્ચે સરપ્લસ ઉત્પાદનને કારણે સ્માર્ટફોન નિકાસના સંદર્ભમાં માર્કેટ જાન્યુઆરી ૨૦૨૪ના સ્તર સુધી પહોંચવામાં નિષ્ફળ રહ્યું છે.

૨૦૨૪ના ચોથા ક્વાર્ટરમાં પણ સ્માર્ટફોન માર્કેટમાં નબળો ગ્રોથ જોવા મળ્યો હતો. શિપમેન્ટ ૩ ટકા ઘટીને ૩.૬ કરોડ યુનિટ રહ્યું હતુ. જોકે બજારના ઘટાડા છતાં એપલે વિકાસની અવિરત ગતિ ચાલુ રાખી છે. એપલના વાષક ધોરણે ૧૧.૭ ટકાના ગ્રોથ સિવાય ઓપ્પોએ પણ ૫.૯ ટકાનો વૃદ્ધિદર નોંધ્યો હતો. એપલ ૧૧.૪ ટકા બજાર હિસ્સા સાથે ટોચની પાંચ બ્રાન્ડમાં સ્થાન ધરાવે છે.

# હિંમતનગર ખાતે મમતા દિવ્યાંગ શિશુ મંદિર ખાતે યોજાયો " સુરજ હજુ આથમ્યો નથી સાંસ્કૃતિક કાર્યક્રમ "

**હિંમતનગર ખાતે મમતા દિવ્યાંગ શિશુ મંદિર ખાતે ભારતના સર્વ પ્રથમ દિવ્યાંગ માઈન્ડ ટ્રેનર હાર્દિક કલ્પદેવ પંડ્યાની ચતુર્થ પુણ્યતિથિ નિમિતે સુરજ હજુ આથમ્યો નથી સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં સંસ્થાના દિવ્યાંગ બાળકોએ ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. હાર્દિક કલ્પદેવ પંડ્યાની વાત કરીએ તો પ્રારબ્ધ ને પડકાર્યા વિના સહજભાવે સંજોગો સ્વીકારી પોઝીટીવિટીને વહેંચતા , આત્મવિશ્વાસનું અજવાળૂ એટલે ભારતના સર્વ પ્રથમ દિવ્યાંગ માઈન્ડ ટ્રેનર હાર્દિક કલ્પદેવ**





**પંડ્યાએ એકશ્રેષ્ઠ વક્તા તરીકે હાર્દિકએ અનોખું સ્થાન મેળવ્યું હતું . તેમને અસંખ્ય લેખ લખીને દિવ્યાંગ સહીત સમાજના તમામ લોકોને મોટિવેશન મંત્ર આપ્યો હતો .તેમણે પુસ્તક અનલીશ યોર ઈનર પાવરનું સર્જન કર્યું હતું .મોટિવેશનલ વક્તા અને માઈન્ડ ટ્રેનર તરીકેની કારકિર્દીમાં આ સફળતા મેળવી હતી. માત્ર ૩૩વર્ષની ઉમરે અનંતની વાટ પકડીને સમાજને " આત્મવિશ્વાસનું અજવાળું " આપીને ચાલી નીકળ્યા હતા . તેમની સ્મૂતિમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આપને જણાવી દઈએ કે ગાંધીનગર મેટ્રોમાં તોરણ સાપ્તાહિકમાં હાર્દિક ભાઈની કોલમ ખુબ લોકપ્રિય રહી હતી અને વાચકોને આત્મવિશ્વાસનું અજવાળું વહેચ્યું હતું.**

# એક સીમાચિહ્નરૂપ પહેલ




ભારતમાં કોરિયા પ્રજાસત્તાકના રાજદૂત શ્રી લી સીઓંગ હો અને કોરિયાની ટીમ દ્વારા ''ખંભટ્ટા ઈટર્નલ આઈ''નું ઉદ્ઘાટન અને ''વિઝન ઓન વ્હીલ્સ'' ને ફ્લેગ ઓફ કરવામાં આવ્યું, જે દ્રષ્ટિની ક્ષતિના ઉપચાર માટે એક સીમાચિહ્નરૂપ રાજ્ય છે. કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ એ એકમાત્ર વિકલ્પ છે જે કોર્નિયાને નુકસાન થયા પછી દ્રષ્ટિ પુનઃસ્થાપિત કરે છે. બારેજા ખાતે આંખની હોસ્પિટલમાં કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ સંપૂર્ણપણે મફતમાં કરવા માટે ઉત્તમ સુવિધાઓ છે. તેણે આંખની કીકીના પ્રોસેસિંગ અને સંગ્રહ માટે એક સુસજ્જ આંખ બેંક પણ સ્થાપિત કરી છે,

આ ઉમદા પહેલને અરીઝ ખંભટ્ટા બેનેવોલન્ટ ટ્રસ્ટ અને ખંભટ્ટા પરિવાર દ્વારા ઉદારતાથી સમર્થન આપવામાં આવ્યું છે. રસના ઈન્ટરનેશનલના ચેરમેન અને મ્છ૭ ના વિશ્વસનીય દાતા શ્રી પીરુઝ ખંભટ્ટા; આ ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સંભાળતા શ્રીમતી બિનૈશા ખંભટ્ટા, તેમના પરિવારના સભ્યો અને રસના ઈન્ટરનેશનલના વરિષ્ઠ સ્ટાફની હાજરીમાં આ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બોલતા, મહામહિમ શ્રી લી સીઓંગ હોએ ગુજરાત રાજ્યમાં પરોપકાર, કોર્પોરેટ સામાજિક જવાબદારી અને જાહેર સખાવતી સંસ્થાઓના ખ્યાલોની પ્રશંસા કરી. તેમણે ટિપ્પણી કરી કે કોર્નિયલ ટ્રાન્સપ્લાન્ટ દ્વારા દૃષ્ટિ બચાવવી એ ખરેખર માનવતાવાદી સેવા છે. તેમણે ખૂબ જ લાયક લોકોની દૃષ્ટિ બચાવવાના લક્ષ્ય સાથે લોકોમાં આંખ દાનની વિભાવનાને પ્રોત્સાહન આપવાની પદ્ધતિ અને પ્રક્રિયાની પ્રશંસા કરી. શ્રીમતી બિનૈશા ખંભટ્ટાએ ટ્રસ્ટની વિવિધ માનવતાવાદી પ્રવૃત્તિઓ વિશે માહિતી શેર કરી અને આંખ દાનની વિભાવનાને તેમના ટ્રસ્ટ તરફથી સતત સમર્થનની ખાતરી આપી. શ્રી રાજેન્દ્ર ભાઈ, શાહ, પ્રમુખ, મ્છ૭; ડૉ. ભૂષણ પુનાની, જનરલ સેક્રેટરી, મ્છ૭; શ્રીમતી નંદિની રાવલે, મ્છ૭ ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, આરીઝ ખંભટ્ટા બેનેવોલન્ટ ટ્રસ્ટના સમર્થન અને શ્રી લી સીઓંગ હોના ઓગસ્ટ ભેટની પણ પ્રશંસા કરી.

**શ્રીં રાજેશ્વરી માં વાઘેશ્વરી માતાજીની અસીમ કૃપાથી કડી વાલમ બ્રાહ્મણ મહિલા મંડળ તરફ થી સમૂહ યાજ્ઞોપવિત સંસ્કાર નું આયોજન તારીખ ૨-૦૪-૨૦૨૫ ના રોજ કડી મુકામે રાખેલ છે. તો આ યાજ્ઞોપવિત ના આયોજન માં જોડાવવા માંગતા હોય તેવા બટુક ના વાલીશ્રીં એ નીચે આપેલ કોંટેક્ટ નંબર પર નામ તારીખ ૧૦-૦૩-૨૫ સુંધી માં નોંધાવવા નમ્ર વિનંતી. ડિપોઝિટ ૧૧૦૦ રાખેલ છે જે જમા કરાવી નામ નોંધાવવું. સમીરભાઈ ભટ્ટ (૯૭૨૭૩૬૧૮૬૮)**
**શાંતાબેન પંડ્યા(૯૯૨૪૩૨૪૫૨૦)**

# ગુજરાતના ૧૦ જિલ્લામાં ૧.૭૩ લાખથી વધુ બાળકો કુપોષિત, બનાસકાંઠા-પંચમહાલમાં સૌથી વધુ બાળકો કુપોષણનો શિકાર

ગુજરાત વિધાનસભામાં આજે ગુરુવારે રાજ્યમાં કુપોષણ મુદ્દે જિલ્લાઓમાં કુપોષિત બાળકોની સંખ્યાની માહિતી અપક્ષ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ પ્રશ્નો કર્યો હતો. આ પછી મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યમાં કુપોષિત બાળકોને સ્થિતિને લઈને જવાબ આપવામાં આવ્યો હતો.

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, ડૉ. કિરીટ પટેલ, ચૈતર વસાવા, ગુલાબસિંહ ચૌહાણ, ડૉ. તુષાર ચૌધરી, જીગ્નેશ મેવાણી, અનંત પટેલ અને દિનેશ ઠાકોર દ્વારા રાજ્યમાં કુપોષણને લઈને સવાલ કરવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્યોએ પ્રશ્ન પૂછ્યો હતો કે, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ની સ્થિતિએ મહીસાગર, વડોદરા, સાબરકાંઠા, તાપી, બનાસકાંઠા, અરવલ્લી, નવસારી, પંચમહાલ, પાટણ, ડાંગ, પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યા કેટલી છે? જે પૈકી જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકો કેટલા છે? જ્યારે છેલ્લા બે વર્ષમાં કુપોષણ નાબૂદ કરવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને તેમાં શું પરિણામ આવ્યું?

વિધાનસભામાં કુપોષિત બાળકોને લઈને પૂછવામાં આવેલા સવાલમાં મહિલા અને બાળ




વિકાસ વિભાગે જણાવ્યું હતું કે, પાટણમાં ૧૨,૭૯૩, સાબરકાંઠામાં ૨૧,૭૪૨, ડાંગમાં ૫,૧૦૦, નવસારીમાં ૭,૧૫૦, પંચમહાલમાં ૩૫,૨૪૨, બનાસકાંઠામાં ૪૨,૪૧૯, અરવલ્લીમાં ૧૦,૭૨૯, તાપીમાં ૭,૨૦૧, મહીસાગરમાં ૧૬,૮૪૫, અને વડોદરામાં ૧૪,૨૯૩ બાળકો કુપોષિત છે. જેમાં રાજ્યના ૧૦ જિલ્લામાં કુલ ૧,૭૩,૫૧૪ બાળકો કુપોષણનો શિકાર છે.

મહિલા અને બાળ વિકાસ વિભાગે માહિતી આપી હતી કે, રાજ્યના તમામ આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ગરમ ભોજન આપવામાં આવે છે. આ સાથે અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે અને રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટ્સ, અતિ ઓછા વજનવાળા બાળકોને ૧૦ પેકેટ્સ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને ૪ પેકેટ આપવામાં આવે છે.

## ડીસાની પૂજ્ય સતશ્રી મહારાજની ભાગવતકથામાં રૂપિયા ૫,૫૫,૫૫૫ શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા ગૌસેવા હેતુ અર્પણ કરાયા

છેલ્લા ૩૪૬ ગુરૂવારથી અખંડિત રીતે શ્રી જલારામ ગૌ સત્સંગ મંડળ ડીસા દ્વારા દર ગુરૂવારે નિરંતર પૂજ્ય જલારામ બાપાનાં ભજન સમગ્ર સનાતન હિંદુ સમાજના પરિવારોમાં થાય છે.અત્યાર સુધી એક કરોડ બત્રીસ લાખની ગૌસેવા થઈ ચૂકી છે.

# ડોશી મરી ગઈ અને જમ ઘર ભાળી ગયો!

એક જમાનામાં રાજકારણ મેવાનું ક્ષેત્ર ન હતું. યંગ જનરેશન આ વાંચીને ફૂસ કરીને હસી પડશે. પછી કહેશે કે ડ્યુડ તમે શું છોલ છોલ કરો છો? રાજકારણ અને સેવા ? શૈતાન બાઈબલ ટાંકે એવી વાત કરો છો! ચસ્કી ગયું નથીને? ફસ્કી ગયું નથીને?

આઝાદી મેળવવાના જંગમાં સૌ કોઈએ ઝંપલાવેલ. એ લોકોનું ધ્યેય દેશને પરાધીનતાની જંજીરમાંથી મુક્ત કરવાનો હતો. કોઈએ અભ્યાસ છોડેલો.કોઈએ નોકરી છોડેલી.કોઈએ છોકરી છોડેલી.કોઈએ વકીલાત છોડેલી.જેને જે યોગ્ય લાગ્યું તે કરેલ. વિદેશી વસ્ત્રોની હોળી કરેલી. દારૂ સામે પિકેટિંગ કરેલ. ચરખો કાંતી ખાદી વણેલ.અંગ્રેજોનો વિરોધ કરેલ!

એ સમયે રાજકારણમાં વિધ્યાર્થી જોડાયેલ. વકીલો, શિક્ષકો, વિદૂષીઓ, સારા ઘરની મહિલાઓ રાજકારણમાં જોડાથી હતી. રાજકારણ થકી દેશ સેવાની ઉદાત ભાવના હતી. એ સમયે વિચારભેદ, આચારભેદ, મતભેદ,ટાંટિયાખેંચ ન હતી તેવું ન હતું! પરંતુ, એકમેક માટે ઔદાર્ય હતું. કોઈની સામે વિષવમન ન હતું. વ્યક્તિગત હુમલા ન હતા. ચોક્કસ માન મર્યાદા સાથે વિરોધ હતો. વ્યક્તિગત સંબંધોની મીઠાશ હતી!રાજકારણ એ અખાડો ન હતું. જયાં સામેની વ્યક્તિને ચિત કરવા બે બે હાથની લડાઈ હોય!

રાજકારણને વહેતી ગંગા સમજી, વહેતી ગંગામાં હાથ ધોવા ગમે તે વ્યક્તિ યા હોમ કરીને કૂદી પડે છે. સંસારની પળોજણ છોડનારને રાજકારણ સાથે સ્નાનસૂતકનો સંબંધ ન હોય એવા તથાકથિત સંતો, સાધ્વી, મઠાધિપતિ, લઠાધિપતિ રાજકારણને બોકસિંગ રીગ સમજી ઝંપલાવે છે. શિક્ષકો, પ્રોફેસર, પત્રકારો, વેપારીઓ, ઉધ્યોગપતિઓ, બુટલેગરો, ચોરચકકાર, મવાલી, હાલી, વાલી, નાત ચૌદશિયાઓને પણ સેવા થકી મેવા મેળવવા છે. સનદી અધિકારીઓ રાજકારણરૂપી કોલસાની દલાલીમાં હાથ કાળા કરવા હોંશે હોંશે ઝંપલાવે છે!

દરેક વ્યક્તિની ચોક્કસ વિચારસરણી હોય છે. તે આરએસએસ હોય તે જમિયતે ઉલેમા હોઈ શકે. તમે તેના પ્રચાર અને પ્રસાર માટે કામ કરો તેમાં કશું અયોગ્ય નથી! પરંતું, તમે બંધારણીય પદ પર કાર્યરત હોવ ત્યારે તમારી પાસે નિષ્પક્ષતા, તટસ્થતા, ગુણદોષના આધારે રાગદ્વેષ સિવાય કામગીરી કરો તેવી અપેક્ષા રહે છે. જો કે, એ અસ્થાને પણ નથી! આપણે ત્યાં વિનોદ રાય નામના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ હતા.રાયે તેમના કાળમાં ઓડિટના નિયમોનો સરેઆમ ભંગ કરી ચોક્કસ પાર્ટીને ફાયદો થાય તે રીતે ઓડિટ રિપોર્ટ બહાર પાડેલા. જેમાં શાસકપક્ષને અબજો રૂપિયાના ટુજી, કોલસા કૌભાંડ વગેરે જવાબદાર ઠેરવેલ. રાય સાહેબ તેની મુદત પૂરી થયા પછી ચોક્કસ પક્ષને જોઈન કરેલ.જેના લીધે તેમની કામગીરી પક્ષપાતપૂર્ણ હોવાની શંકાને બળ મળે કે નહી? રાય સાહેબે જે કથિત કૌભાંડ ઉજાગર કરેલા તે હવાઈ કિલ્લાથી વિશેષ કશું જ ન હતા તેવું અદાલતની કાર્યવાહીમાં પુરવાર થયેલ. એક પણ તહેમતદારને ખરોત તક પણ આવી નહી અને તમામ બાઈજ્જત બરી થઈ ગયેલ. તહોમતદાર મુફતેમે બદનામ હૂએ! રાય સાહેબે ખાયા પીયા કુછ નહી ઔર ગ્લાસ ફોડે બારહ જેવું જ કરેલ કે નહી?આપણે ત્યાં ડોકટરો અને જજોને ભગવાનનો દરજ્જો આપવામાં આવેલ છે. ડોકટરો ગમે તેવા કોમ્પ્લિકેટેડ કેસોમાં દર્દીને મોતના મુખમાંથી સાવિત્રીએ સત્યવાનને બચાવી લીધેલ તેમ બચાવી લે છે. જજો પણ કોરોબારીની તાનાશાહી, સરમુખત્યારશાહી કે આપખુદશાહી સામે જનતાનો ગજેન્દ્રમોક્ષ ક્ષત્રે છે!. સરકારો ભ્રષ્ટ અને આપખુદ બની લોકોના અધિકારોનું હનન કરી તેનું જીવવાનું હરામ કરે ત્યારે જજો-અદાલતો દીવાદાંડી કે રણમાં મીઠી વીરડી થવાનું કામ કરે છે. જજો-અદાલતો પાસે સમાજને અપેક્ષા અને આશા હોય છે. ન્યાયની દેવીએ ભલે ગાંધારીની જેમ આંખે પટી ધારણ કરેલી હોય. પરંતું, જજોએ આંખે પટી બાંધેલી હોતી નથી. પરિણામે મેરીટ પર ન્યાય તોલે છે! સદ્દભાગ્યે જ્યુડિશિયરી પોલ્સનબાજી કે સતાની ચાંપલુસી કરવાથી જોજનો દૂર રહી છે. પૈસા, પ્રેશર, પોઝિશનની શેહ શરમ ભર્યા સિવાય અનેક કેસોમાં ઐતિહાસિક અને શકવર્તી ચુકાદા આપેલ છે. ક્યારેક કોઈ જજ નિજી સ્વાર્થ માટે શાસકોની પ્રસંશા કરી લે છે! સામાન્ય રીતે જજો શાસકોથી અંતર રાખે છે.જજો નિવૃત થયા પછી વકીલાત કરી શકે છે. કાયદા પંચ કે એ પ્રકારના પંચોમાં ગોઠવીએ શકે છે. જજોને પ્રમોશન મેળવવા માટે કોરોબારી સાથે ફાઈવ ટ્યુનિંગ કરવું પડે છે. કોલેજિયમ પ્રમોશન કે નિમણૂક માટે સરકારને ભલામણ કરે તેના અમલમા ઠીક ઠીક વિલંબ થતો હોય છે.ક્યારેક કોલેજિયમ અને સરકાર વચ્ચે ઘર્ષણ થાય છે.

જજો નિવૃત થયા પછી રાજકારણમાં જવાનું ટાળતા હોય છે! ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ નિવૃત થયા પછી રાજ્યસભાના સભ્ય થયા. ત્યારે ઘણા લોકોના ભંવા ચડી ગયા હતા. ગોગોઈએ લૂંગી ફાડીને રૂમાલ કર્યો હોય તેવું લાગેલ. કયાં સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટિસ જેવો મોભાદાર હોદો અને કયાં રાજ્યસભાના સભ્ય? ગોગોઈ કાકા મટીને ભત્રીજા થયેલ તેમ પણ કહી શકાય!પી સત્થાશિવમ નામના સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ સાહેબ ક્યાંક કોઈ રાજ્યના રાજ્યપાલ થયેલા. સાલામેં તો ગવર્નર બન ગયા એમ પણ ગાઈ શકે તેમ ન હતા! જસ્ટિસ ક્રિષ્ના ઐયરે નિવૃતિ પછી વિધાયક તરીકે ત્રણ ટર્મ સક્રિય રહેલ. જસ્ટિસ બહારૂલ ઈસ્લામ હાઈકોર્ટ જજ તરીકે નિવૃત થયા પછી બે વાર રાજ્યસભાના સભ્ય બનેલા.ત્યારે બાદ જસ્ટિસ ઈસ્લામની સુપ્રિમ કોર્ટના જજ તરીકે નિમણૂક થયેલ.મૂળભૂત અધિકારોની તરફેણ કરતા ગોલકનાથ કેસનો ચુકાદો આપનાર ચીફ જસ્ટિસ કે. સુબ્બારાવે નિવૃતિના ત્રણ માલ પહેલાં રાજીનામું આપી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં સ્વતંત્ર પક્ષ તરફથી ઉમેદવારી કરેલ. જો કે, ડોકટર જાકીર હુસેને તેમને ૧.૦૭ લાખ મતોથી હરાવેલ!

પશ્ચિમ બંગાળની હાઈકોર્ટના જજ અભિજિતે નિવૃતિને સમય હોવા છતાં રાજીનામું આપેલ છે. રાજીનામું મંજૂર થાય તે પહેલાં પ્રેસ કોન્ફરન્સ કરી અભિજીતે બીજેપી જોઈન કરવા અને લોકસભાની ચૂંટણી લડવાનો ચૂંટણીટંકાર કરેલ છે. અભિજાત હંમેશા વિવાદના ઘેરામાં રહેલ છે. જજ તરીકે અભિજીતે મમતાદીદી માટે મુસીબતો ખડી કરેલ છે. માનો કે નાકમાં દમ લાવી દીધેલ છે. અભિજીતે બે વરસમાં ચૌદ કેસની તપાસ સીબીઆઈ અને ઈડાને સુપરત કરેલ. શિક્ષક ભરતી કૌભાંડમાં છત્રીસ હજાર નોકરી રદ કરી સરકાર સામે છત્રીસનો આંકડો સેટ કરેલ. એમણે આપેલ ચુકાદા શંકાના પ્રરિધમાં અવશ્ય આવવા જોઈએ. કેમ કે, ધુમાડો પણ છે અને આગ છે!જજ સાહેબો દેશના નાગરિક છે. આમ નાગરિકની માફક નિવૃતિ પછી કે સ્વૈચ્છિક નિવૃતિ લઈને મનપસંદ પ્રવૃતિ કરે તેમાં હરખશોક ન હોય. અલબત, ઉજ્જવળ પરંપરા અને પ્રણાલિકાઓનું પાલન કરી રાજકારણને અવશ્ય એવોંઈડ કરવું જોઈએ!અલબત, રાજીનામું આપ્યા પછી ત્રણ કે પાંચ વરસ પછી રાજકારણ જોઈન કરે તેવો કુલિંગ પિરીયડ રાખવો જોઈએ . જુલિયસ સિઝરની પત્ની શંકાથી પર હોવી જોઈએ એમ કહેવાય છે. આ બાબત જજ સાહેબોના રાજકારણના અખાડામાં પહેલવાની કરવાના મનસૂબાને પણ લાગુ પડે છે!પૂર્વ જજ અભિજાત રાજકારણમાં જીત મેળવે એવી શુભેચ્છા!પરંતુ, ડોશી મરી જશે અને જમ ઘર ભાળી જશે તો ઈન્ડિપેન્ડન્ટ જ્યુડિશિયરી માટે સારું રહેશે નહી!




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No : 388**
વિષય : મનગમતી રચના
શીર્ષક : ઝિંદગી તને થૅન્ક યુ
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૩૩

ઝીંદગી - શું છે તે સમજાઈ ત્યારે લગભગ અડઘી પસાર થઇ ગઈ હોઈ છે.

બાકી ની અડઘી વિચારવા માં જ કદાચ પસાર થઈ જશે - કે કદાચ એક વખત કોઈ તક મળશે તો - ફરી થી કંઈક અલગ જ રીતે શરુ કરવું છે.શું? કદાચ કોઈ રૂપરેખા તો નથી જ પરંતુ કશું તો બદલવું છે.બધું જ કે પછી થોડું!

અન્ય ને પ્રેમ કરતા કરતા - ક્યાંક અપેક્ષા સ્વયં પાસે એક જ રહે છે.બધા ને ગમવું છે.બધા પાસે થી કશું સારું સાંભળવું છે.બધા સામે કંઈક કરી ને તો બતાવવું છે.કોઈ શું કહેશે. શું વિચારશે.શું કોઈ ના મન માં ચાલતું હશે.

બસ આ બધા જ વિચાર માં.કંઈક તો ભૂલી જવા ની ભૂલ થઈ પણ જાય છે.
એક અલહાદ્ક - અમૂલ્ય ક્ષણ.
ભૂલી તો ગયા કશું. પણ શું?

સ્વયં ને પ્રેમ કરતા.સ્વયં ની પાસે થી સ્વયં ના જ વખાણ સાંભળવા તો છે.કદાચ સમય નથી.કદાચ યાદ પણ નથી, સ્વયં ને પ્રેમ કરવો છે.ઘણું કરવું છે જેમાં માટે સ્વયં ને જ આનંદ આવે છે.હું શું વિચારું છુ,હુ શું કહું છુ,કદાચ મારે જ સાંભળવાનું છે. મનગમતા ચિત્રો માં મારે જ મને જોઈ ને ખુશ પણ થવાનું છે.

જરૂરત અને ફરજ ની આ યાત્રા માં સૌ થી પહેલા - મારે મને જ પ્રેમ પણ કરવાનો છે. જે થયું - જે થઈ રહ્યું છે અને જે થવાનું છે બસ ઈચ્છા તો ઈશ્વર ની જ છે.કયાંક મારે જ મને સમજવવા નું પણ છે.

ઝિંદગી - એક જ છે.
ખુબ મન ભરી અને જીવવાનું પણ છે.

સાંજ. ઝિંદગી નો એ સમય જયારે માણસ સ્વયં ને મહત્વ આપવાનું શરુ કરે છે.સ્વયં માટે કશું કરવાનું શરુ કરે છે..

કોઈ ના જીવન માં એ સાંજ ૨૫ વર્ષ ની ઉમર માં પણ આવે છે અને ક્યારેક અંતિમ વિસામો મળે છે - પરંતુ સાંજ ની મુલાકાત તો થતી જ નથી.

સ્વયં ને ખોવા થી - સ્વયં ને પામવા સુધી ની એક મધુર યાત્રા..

સાંજ - જે જીવન નું મધ્યાન્તર પણ છે.

જયારે પણ સ્વીકારવાની ભાવના થી સજ્જ માણસ થાય છે - તેને ઝિંદગી સાથે કદાચ કોઈ ફરિયાદ રહેતી જ નથી..

કહે છે તો માત્ર.

ઝિંદગી - તને થૅન્ક યુ.

ફાલ્ગુની સાંગાણી ઓડેદરા
પોરબંદર, ગુજરાત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 179**
વિષય : મનગમતી રચના
શીર્ષક : સહેલું ક્યાં છે?
પ્રકાર : પદ્ય શબ્દો : ૫૪

મનને મનાવવું સહેલું ક્યાં છે?
સ્વને સમજાવવું સહેલું ક્યાં છે?

સહું કોઈને ગમે છે ઉંચી ઉડાન,
પડીને ફરી ઉડવું સહેલું ક્યાં છે?

સુગંધ માણ્યા બાદ ફેંકાય અહીં,
મુરજાયને ખીલવું સહેલું ક્યાં છે?

લઈ જાય સ્વર્ગની ચાહ પુણ્ય તરફ,
પાપોને અવગણવું સહેલું ક્યાં છે?

અમુક સવાલો ડંખે છે કાયમ 'રૂદ્ર',
જવાબોનું સ્વીકારવું સહેલું ક્યાં છે?

- તુષાર પંડયા (ભાવનગર)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 188**
વિષય :મન ગમતી રચના
શીર્ષક : " ટહુકી જવાનાં "
પ્રકાર : પદ્ય - શબ્દો : ૮૦

બે ઘૂંટ અમરતના તો, બે ઘૂંટ ઝહેરના પી જવાનાં.
જિંદગી મળી છે તો હસતાં હસતાં જીવી જવાનાં.

ઠેર ઠેર ભલે ફાટી ગયું હોય આ જીવન પહેરણ,
એક આસ્થાના થીગડાએ એને સીવી જવાનાં.

અંકિત થઈ જઈશું સદા માટે તમારાં મનડા પર,
સ્મરણની તમ હૃદય પર એવી ભાત ભરી જવાનાં.

પાનખરને પણ માણતાં શીખી લીધું વસંત માફક,
શ્વાસની સૂકી એક ડાળ પર પણ ટહુકી જવાનાં.

જીવન પણ કંઈક એ રીતે જીવી જઈશું "વ્યોમ"
કે અમારા મૃત્યુ પર તો શત્રુઓ પણ રડી જવાનાં.

?... વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'મન પસંદ રચના'
શીર્ષક :- 'ઝૂમખું'
પ્રકાર :- પદ્ય- ગઝલ (શબ્દો :- ૧૦૬)

પ્રિયે ! તારો હાથ ધર, તને આપું શબ્દોનું ઝૂમખું,
ગઝલગણી ગણગણજે, ને ગીત માની ગાજે રે તું.

સનમ ! તારા ગાલ પર આપું, મધુર પુષ્પનું ઝૂમખું,
સુહાની સફર, ને સુહાની સંગત, દિલમાં રાખજે રે તું.

વડલાની ડાળે ને વડવાઈના હીંચકે, બાંધ્યુંતું ઝૂમખું,
હેતને હિંડોળે ઝુલ્યાતા બે, તે હેત હૈયાંમાં રાખજે રે તું.

મારા હાથની મહેંદીમાં, તારા નામનું રોપ્યુતું ઝૂમખું,
દિલથી નવ જુદેરા, ખુલ્લી બારીથી નજર કરજે રે તું.

એમ કંઈ ભૂલાય ના, કરમાય ના, આ પ્રીતનું ઝૂમખું,
કદમથી વેણુ વાય ત્યારે, આંખના આંસુ છુપાવજે રે તું.

શ્યામની સખી 'સ્વજન' ને શ્યામ લાવ્યો સાખ્યનું ઝૂમખું,
પ્રેમ પ્રતાપથી પરમ પ્રકાશે, ગોલોકથી નજર કરજે રે તું.
કવિ શ્રી યોગેશભાઇ પંડયા 'સ્વજન' જુનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 334**
વિષય :મનગમતી રચના
શીર્ષક : શરમ આવે મને!
પ્રકાર : પદ્ય શબ્દો : ૯૨

કાચીંડાની જેમ નિત રંગ બદલતા રહે,
દંભી માણસો જોઈને,શરમ આવે મને!

જ્યારે જોઉં ત્યારે આચરતા હોય જૂઠ,
પાછા બને સત્યવાદી, શરમ આવે મને!

પૈસા હોય ઘણા ,દમડી કદી છૂટે નહીં,
દાન દેવામાં રહે છેટા,શરમ આવે મને!

માબાપની સેવા કરે નહીં,વાતો કરે મોટી,
મૂકી આવે વૃદ્ધાશ્રમમાં,શરમ આવે મને!

બોલવામાં મીઠા,આચરણ એમનું જૂદું,
ઉપદેશો આપતા ફરે, શરમ આવે મને!

મહેશભાઈ રાઠોડ 'સ્નેહદીપ' હિંમતનગર

**NOG SS No. 181**
વિષય " મનગમતી રચના"
શીર્ષકઃ "જરા જો તો ખરો"
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૯૨

તારી ડાળીએ ખીલ્યો ગુલમોહર ,
સહેજ જુકીને જરા જોતો ખરો...

કેસુડે ખીલ્યો ફાગણ નો રંગ,
ડાળે બેસીને જરા જોતો ખરો...

મહોર ફુટ્યા ડાળીએ ભમરા બન્યા મલંગ,
એની સાથે ઉડીને જરા જો તો ખરો....

બળબળતો તાપ પણ સહી લઉં છું આ ભરઉનાળે,
મારી સાથે તપીને જો તો ખરો....

વિરહનો તાપ કેવો લાય બળે છે ભીતર,
ડોકિયું કરીને જરા જોતો ખરો...

ઈંતેજારના એંધાણ મળ્યા છે ઘડી બે ઘડી,
થંભીને જરા જોતો ખરો ....

આવ આપું તને સાંજ સુંવાળી,
અંદર આવીને જો તો ખરો....

કૌસુમી?? રંગની છાંય પડી આભલિયે ,
એમાં રંગાઈને જરા જોતો ખરો....

સુરમી બધેકા ,કૌસુમી??- મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**N.O.G. S.S.No.0102**
★ વિષય-★ મન ગમતી રચના.
★શીર્ષક :-★ મોતથી ડરતો નથી.
★શબ્દ સંખ્યાઃ-★ ૨૮૦.

મા ભારતીની રક્ષા કરવા માટે મોહન ભારતીય નૌકાદળમાં જોડાયો . ઘણા બધા લોકોએ સમજાવ્યું કે જીવન ભારે આકરું છે. સુખથી જીવી નહીં શક, પરંતુ જેને દેશ તરફ પ્રેમ છે તેવા મોહને કોઈપણ જાતની પરવાર કર્યા વિના ભારતીય નૌકાદળની તાલીમમાં ઝુકાવી દીધું.

કોચીન મુકામે ભારતીય નૌકાદળની તેની તાલીમ શરૂ થઈ. સવારે ૫:૦૦ વાગે ઉઠવું કસરતો જુદા જુદા પ્રકારના દાવ, ત્યાર પછી નાસ્તો ચા પાણી, ફરી પાછું પરેડ માટે તેમજ જુદા જુદા પ્રકારની તાલીમના વર્ગોમાં જવાનું છેક ૧:૦૦ વાગ્યા પછી જમવાનું .થોડા આરામ કરી શીપ મોડેલિંગ બનાવવાનું , જુદા જુદા ક્લાસો ભરવાના. આમ છેક સાંજ સુધી તેની તાલીમ ચાલતી રહે. આ સમય દરમિયાન તેણે ઘણા બધા જુદા જુદા અનુભવો થયા. નૌકાદળની જુદી જુદી પ્રવૃત્તિઓથી તે માહિતગાર બન્યો.

મેઝિક એન્ડ ડિવિઝનલ , ડાઈવિંગ , ગનરી ટોરપીડો એન્ડ એન્ટી સબમરીન સ્કુલો તેમજ સ્ટીમરમાં જવાનું અને ત્યાં તાલીમ કામ શરૂ થઈ ગયું.

કોચીનના દરિયાના મોજાઓ તેમાં હાલકડોલક થતી લડાયક તાલીમ આપતી સ્ટીમરો ,આ સ્ટીમર માંથી હોળીમાં બેસી દોરડાથી નીચે ઉતરી અને ભયાનક સમુદ્રમાં હોળીને હલેસા મારી લઈ જવી. મોજાથી ઉછડી અને હોળી ક્યારે ડૂબી જાય તેનું સતત જોખમ અને આવા જોખમમાં મોતનો ડર રાખ્યા વિના સામનો કરી મોહન આવી આકરી તાલીમ લેવા મંડ્યો. હોળીની પાસેથી પસાર થતી મોટી મોટી માછલીઓનો ડર લાગતો પરંતુ મનમાં મક્કમતાથી આવા મોતનાડરનો ત્યાગ કરી અને તાલીમ લઈ લીધી.

લશ્કરી જુદા જુદા લડવા માટેના સાધનો સોનાર, રડાર, સ્ટીમરનું નિયંત્રણ વગેરે પણ તેને શીખવવામાં આવ્યું . દુશ્મનોનો જ્યારે મારો થાય ત્યારે મોતના મુખ સામે જ ઝઝુમવાનું અને કઈ રીતે તેમાંથી પાર પડવું તેની પણ તેને તાલીમ આપવામાં આવી. આમ ભારતના નવજવાને પોતે મોતની પરવાર કર્યા વિના દેશને માટે ફના થઈ જવાની રીતે નૌકાદળના ઓફિસર તરીકે તાલીમ લઈ દેશનું ગૌરવ વધાર્યું.

મોતની પરવાર કર્યા વિના ઉચ્ચ લશ્કરી નૌકાદળના હોદામાંથી નિવૃત્ત થયો.
રતીલાલ વાયડા ..

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:–335**
વિષયઃ–મનગમતી રચના
શીર્ષકઃ– શાળામાં બાળઉછેર
પ્રકારઃ– ગદ્ય શબ્દોઃ–૩૫૦

શીર્ષક :- શાળામાં બાળઉછેર

બાળક હોય કે ફૂલનો છોડ, એને ઉછેરવા માટે બહું મહેનત કરવી પડતી હોય છે, એની માવજત કરવી પડતી હોય છે ત્યારે એ બાળક કે છોડ બરાબર ખીલતાં આપણને જોવાં મળે છે. ફર્ક એટલો છે કે ફૂલ છોડને આપણે નર્સરીમાંથી લાવીને ઘરના આંગણે વાવીએ છીએ અને માતા–પિતા પોતાનાં બાળકને જાતે શાળાએ જઈને બાળકને સારી રીતે ખીલવવા માટેની અરજી દાખલ કરીને બાળકને છોડ રૂપે રોપે છે. શાળામાં આ બાળછોડને રોજ સરસ્વતીની પ્રાર્થના,આરાધના થકી પાણી પીવડાવવામાં આવે છે, સમય પ્રમાણે બાળકમાં જ્ઞાન અને વિદ્યા રૂપી ખાતર નાંખવામાં આવે છે. વાણી, વર્તન, વિનય અને વહેવારના પાઠ ભણાવીને બાળકને ફૂલની જેમ ખીલવવામાં આવે છે. આ શાળાને એક બાળકોના ઉછેરનો બગીચો પણ કહેવામાં આવે છે. તમામ શિક્ષકો આ બગીચાનાં માળી છે. આ શિક્ષકોની મહેનત અને બાળકોની માવજત કરવાથી છોડ ક્યારેય કરમાઈ ન જાય એનો ખ્યાલ રાખવામાં આવે છે અને ઉતરોત્તર એનો વિકાસ થાય એવાં પ્રયત્નો કરે છે. સૌ પ્રથમ આ બાળકોના શોખ અને વિચારો આ શિક્ષકો જાણી લેતાં હોય છે. બાળકોને રમતો રમાડીને, તો ક્યારેક નવી નવી સ્પર્ધાઓનું આયોજન કરીને બાળકને ખીલતું કરીને તેજસ્વી બનાવવામાં આવે છે. શિક્ષકો પણ પોતાના જ સંતાનો જેવો ભાવ વિદ્યાર્થીઓ પ્રત્યે રાખતા હોય છે, જેથી બાળકને શાળાએ આવવાનો કોઈ ભય રહેતો નથી. શિક્ષકો સુંદર બાળગીત અને બાળ વાર્તાઓ કહીને પોતે પણ બાળકો જેવાં બનીને બાળકોનાં મનને જીતી લેવાનાં પ્રયાસો કરતાં હોય છે. સ્વચ્છતા અને નિયમિતતાનું પણ માર્ગદર્શન દેવામાં આવતું હોય છે. તમામ પ્રકારનાં વિષયોની અલગ અલગ ભાષાઓનો અભ્યાસ કરાવવામાં આવતો હોય છે. સમય પ્રમાણે બાળકની યાદશક્તિની ચકાસણી માટે પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે. બાળક પુરેપુરું ખીલ્યું છે કે નહીં તેણે મેળવેલાં ગુણોનો સરવાળો કરીને તે મુજબ પરિણામ બનાવવામાં આવે છે, નાનાં-મોટાં પુરસ્કારો થકી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

વાચન અને લેખન ઉપરાંત બાળકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે શારીરિક શિક્ષણ વિષય પર યોગ–પ્રાણાયામ પણ શીખવાડવામાં આવે છે. માતા પિતાને વંદન, ગુરુ શિષ્ય વચ્ચેનો સંબંધ, મિત્રો સાથેની મિત્રતા હોય કે ભાઈ બહેનના સંબંધોની વાર્તાઓ અનેક કાર્યક્રમો કરીને સંસ્કાર અને સંસ્કૃતિ જળવાઈ રહે તેનો પણ અભ્યાસ કરાવવામાં આવે છે. આમ બાળકોનાં ઉછેર માટે શાળાનો ખુબ મહત્વનો ફાળો રહેલો છે.

જે વિદ્યાર્થી નિઃસંકોચ અને નિર્ભયપણે શાળાનાં આચાર્યાશ્રી સાથે જે સહજતાથી પોતાની રજૂઆત કરે ત્યાં સાચાં અર્થમાં શિક્ષણનું તીર્થધામ ઉદભવે છે.
??? બીના આહીર 'ધરતી ' ભાવનગર, રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.343**
વિષય :- મનગમતી રચના
શીર્ષક :- જીવનપંથનાં ખેલ
પ્રકાર :- પધ શબ્દો :- ૮૫

જીવનપંથનાં ખેલોમાં હાર જીતની પરવા કર્યા વગર પરાજયને પણ વિજય માની રમત રમુ છું,
ભણીને ગુરુ જ્ઞાન પ્રાપ્તિ છતાં મળેલાં નાનાં મોટાં અનુભવોને ગુરુ ગણી હજુ ભણતર ભણુ છું,
લાકડા માટી સિમેન્ટ કોક્રિટનાં મકાનો વચ્ચે રહીને પ્રેમ લાગણીની પાકી દીવાલનું ચણતર ચણુ છું,
જુદા જુદા મધુર ભોજન વાનગી આરોગ્યા પણ હવે સ્વાદે મીઠો શાક રોટલો લિજ્જતદાર જમુ છું,
લોભ લાલચ મોહ માયામાં રચ્યોપચ્યો રહ્યો પણ હવે પ્રભુની પૂજા અર્ચન કરી માળા વળતર માટે જપુ છું,
" ચંદ્ર " નાં તેજ બાદ અંધકારમાં ધ્રુવ તારાને પંથદર્શક પ્રકાશ માની ગણતરમાં શ્રેષ્ઠ ગણુ છું.
??? " ચંદ્ર " ચંદ્રકાન્ત હરીલાલ માઢક
(નીવૃત પોલીસ સબ ઈન્સ.) રાજકોટ

# દક્ષિણ ડાંગ વન વિભાગ દ્વારા લાકડાં ચોર ઉપર કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી




આહવા

ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગના નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદના માર્ગદર્શન હેઠળ, ચિંચિનાગાવઠા રેંજના ફોરેસ્ટકર્મીઓએ વન વિભાગ માંથી લાકડાં ચોરી જનાર ઈસમોની ગાડી તથા જંગલના લાકડાં ઝડપી લઈ, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગ તરફથી મળેલ વિગતો અનુસાર, ડાંગ જિલ્લાના દક્ષિણ વન વિભાગમાં સમાવિષ્ટ ચિંચિનાગાવઠા રેંજ ફોરેસ્ટ ઓફિસર શ્રી ગણેશ ભોયે સહિત વિભાગના કર્મીઓને મળેલ બાતમી અનુસાર, તારીખ ૬ માર્ચ ના રોજ અલગ અલગ ટીમ ગોઠવી કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં ધોધલપાડા થઈને વાહન નિકળવાની બાતમી મળેલ હતી. જેથી વઘઇ ખાતે વોચ રાખવામાં આવી હતી. જે સમયે બાતમી વાળી સફેદ કલર ની મહિન્દ્રા પીકઅપ ગાડી નંબર - ય્ન્ન ૩૦્ ૧૩૧૩ વઘઈ ગામે પ્રવેશ થતાં સ્ટાફ દ્વારા ગાડીને ઉભી રાખતા વાહન ચાલક દ્વારા વાહન પુર ઝડપે ગાડી ભગાડી લેતાં સરકારી વાહન દ્વારા ગાડીનો પીછો કરવામાં આવેલ હતો.વાહન ચાલક દ્વારા ગાડી વઘઈ થઈને બારખાધિયા ચેકિંગ નાકાં તોડી હાંડકાઈચોંડ મહારાષ્ટ્ર રાજય તરફ ભાગી છુટેલ હતો, પરતું સરકારી ગાડી વાહનનો પીછો કરી રહી હતી અંતે વન કર્મીઓની સુઝબુઝથી ગાડીનો પીછો કરી સાંજેના ૦૬:૩૦ કલાકના સમયે મહારાષ્ટ્ર રાજયના ઉંમરથાના ગામે બજારમાં ઉભી રાખી ડ્રાઈવર ભાગી છુટેલ હતો. વન કર્મીઓ દ્વારા સ્થળ ઉપર ગાડીની તપાસ કરતા ગાડીમાં બીન પાસ પરમિટ વગરના સાગી નંગ-૦૬ ધનમીટર- ૧,૧૨૮ મળી આવેલ હતું. જેની માલ કિંમત રૂ.૧,૩૮,૧૮૦ તથા ગાડીની અંદાજીત કિંમત રૂ. પાંચ લાખ મળી કુલ- ૬,૩૮,૧૮૦ નો મુદ્દામાલ ઝડપી લઈ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, લાકડાં ચોરી કરનાર ઈસમોને ઝડપી લેવાં વન વિભાગ દ્વારા સતત ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. હાલમાં આંતર રાજ્ય બોર્ડર પર વનકર્મીઓ દ્વારા, ગેરકાયદેસર લાકડા વાહતુક અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

# સાવરકુંડલામાં આરોગ્ય મંદિરમાં ધીરગુરુદેવની પ્રથમવાર પધરામણીથી હર્ષોલ્લાસ



શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ આરોગ્ય મંદિર, સાવરકુંડલા ખાતે પ્રથમવાર પૂ. શ્રી ધીરગુરુદેવની પધરામણીથી હર્ષોલ્લાસ છવાયો હતો. પ્રમુખ હરેશભાઈ મહેતાએ ઋણ સ્વીકાર કરેલ. ટ્રસ્ટી અમિત માગીયા વગેરે સદભાવના વૃદ્ધાશ્રમ - રાજકોટ ના પ્રમુખ વિજયભાઈ ડોબરીયા, કરૂણા ફાઉન્ડેશનના મીતલ ખેતાણી વગેરેએ સેવા ભાવનાની મહત્તા દર્શાવી હતી.

રોજની ૧૫૦૦ દર્દીઓની ઁ..ઙ, વિનામૂલ્યે કેન્સરથી લઈ દરેક પ્રકારના ઓપરેશન, દવાનું વિતરણ, ભોજન ફ્રીમાં અપાય છે. સંચાલક પ્રકાશ કટારીયાએ સવિગત માહિતી સાથે દરેક વિભાગમાં ગુરુદેવના પગલા કરાવી ધન્યતા અનુભવી હતી.સપ્રસિદ્ધ કથાકાર પૂ. મોરારી બાપુના સત્ય, પ્રેમ, કરૂણાના સંદેશને સાર્થક કરનાર ટ્રસ્ટીઓને ગુરુદેવે બિરદાવ્યા હતા.ગુરુદેવે સત્સંગમાં જણાવેલ કે – ગુડ હેલ્થ ઈઝ ધ બેસ્ટ વેલ્થ - સારું સ્વાસ્થ્ય એ શ્રેષ્ઠ સંપત્તિ છે. આ સૂત્રને સફળ બનાવવા હોસ્પિટલ નહિ આરોગ્ય મંદિર નામકરણ સાર્થક થઈ રહેલ છે.ચંદ્રિકાબેન ઘેલાણી કામદાર, સંઘ પ્રમુખ રાજુભાઈ દોશી, કિરીટભાઇ મગીયા વગેરે નગરજનો ઉપસ્થિત હતા.આજે તા. ૮ને શનિવારે રીટાબેન કિરીટભાઇ મગીયા પ્રેરિત ઉપાશ્રય સુશોભન તક્તી અનાવરણ વિધિ અને ૯:૩૦ કલાકે ×પ્રભુના ચરણ... શરણમાં× વિષયે પ્રવચન અને સંઘજમણ રાખેલ છે.

પૂ. શ્રી ધીરગુરુદેવ પ્રેરિત ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ આયોજીત દંત યજ્ઞમાં ૭૧ દર્દીઓએ દાંત કઢાવવાનો તથા ૨૮ લોકોને ફ્રીમાં દાંતની બત્રીસી અર્પણ કરાશે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. (ગ્રામ વિકાસ વિભાગ)
દ્વારા આયોજિત

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે



# લખપતિ દીદી સંમેલન

સખી બહેનોની મહેનત અને સમર્પણને સન્માન



માનનીય વડાપ્રધાન

## શ્રી નરેન્દ્રભાઈ મોદીના

વરદ્હસ્તે

## ૨૫ હજારથી વધુ સ્વ-સહાય જૂથની ૨.૫ લાખથી વધુ મહિલાઓને ₹૪૫૦ કરોડથી વધુની સહાય

### લોકાર્પણ

**જી-સફલ**

૨ મહત્વાકાંક્ષી જિલ્લાઓ અને ૧૩ મહત્વાકાંક્ષી તાલુકાઓમાં અંત્યોદય પરિવારોની સ્વ-સહાય જૂથની મહિલાઓને આજીવિકાલક્ષી પ્રવૃતિઓ અંતર્ગત નાણાંકીય સહાય માટેની યોજના

**જી-મૈત્રી**

ગ્રામીણ આજીવિકા માટે કાર્યરત સ્ટાર્ટઅપ્સને નાણાંકીય સહાય અને માર્ગદર્શન માટેની યોજના

### ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

### અતિથિ વિશેષ

**શ્રી સી. આર. પાટીલ**

માનનીય કેન્દ્રીય મંત્રી, જલ શક્તિ મંત્રાલય

### વિશેષ ઉપસ્થિતિ

**શ્રી રાઘવજીભાઈ પટેલ**
માનનીય મંત્રી, કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, ગુજરાત

**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રી, નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, ગુજરાત

**શ્રી કુંવરજીભાઈ હળપતિ**
માનનીય મંત્રી (રા.ક.),આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ, ગુજરાત




તારીખ: ૦૮ માર્ચ, ૨૦૨૫
સમય: સવારે ૧૦.૩૦ વાગે
સ્થળ: વાંસી-બોરસી, તા. જલાલપોર, જિ. નવસારી

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.